# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. સરકારના વડા તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આજે 24 વર્ષ પૂર્ણ- રાજ્યમાં વિકાસ સપ્તાહનો આજથી પ્રારંભ
2. રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં જુલાઈ-2025થી કેન્દ્રના ધોરણે વધારો અપાશે
3. કેન્દ્રીય મંત્રીમંડળે વડોદરા—રતલામ સહિત 24 હજાર 634 કરોડ રુપિયાની ચાર રેલવે પરિયોજનાને મંજૂરી આપી.
4. સુરત, મહીસાગર અને ખેડા જિલ્લાના નવરચિત તાલુકાનાં ગામોમાં ફેરફાર કરાયા
5. ભાવનગરના અલ્પેશ સુતરીયા એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ 2025માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI 24 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સરકારના વડા તરીકે આજે 24 વર્ષ પૂર્ણ થયા છે. આજે સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ દેશની સેવા કરવાના 25મા વર્ષમાં પ્રવેશ કરતાં સતત વિશ્વાસ અને પ્રેમ માટે લોકોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે, દેશની સેવા એ સર્વોચ્ચ સન્માન છે. શ્રી મોદીએ પોતાની યાત્રાને યાદ કરતાં કહ્યું કે, આ વર્ષો ઘણા અનુભવોથી ભરેલા રહ્યા છે.

તેમણે યાદ કર્યું કે જ્યારે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો, ત્યારે ઘણા લોકો માનતા હતા કે ગુજરાત ફરી ક્યારેય ઉભરી શકશે નહીં. ખેડૂતો સહિત સામાન્ય નાગરિકો ઘણીવાર વીજળી અને પાણીની અછત અંગે ચિંતા વ્યક્ત કરતા હતા. કૃષિ સંઘર્ષ કરી રહી હતી અને ઔદ્યોગિક વિકાસ ઠપ્પ થઈ ગયો હતો. તેમણે નિર્દેશ કર્યો કે સામૂહિક પ્રયાસોથી તેમણે ગુજરાતને સુશાસનના પાવરહાઉસમાં પરિવર્તિત કર્યું.

-------------

# VIKAS SAPTAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રાના 24 વર્ષની ઉજવણી નિમિત્તે રાજ્યમાં વિકાસ સપ્તાહનો આજથી પ્રારંભ થયો. ત્યારે આજે વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા મંત્રીઓ, મુખ્ય સચિવ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ વિકસિત ભારતના સ્વપ્નને

સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવથી સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી. વિકાસ સપ્તાહ અને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-2025 ઉજવણી અંતર્ગત સાબરમતી રીવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, છેલ્લા પાંચ વર્ષમાં મહિલાઓનું નેતૃત્વ ધરાવતી દૂધ સહકારી મંડળીઓમાં 21 ટકાનો વધારો થયો.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

-------------

# VIKAS SAPTAH - DISTRICT

ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના ચિંચિનાગાવઠા ખાતેથી ડાંગના ધારાસભ્ય વિજય પટેલે 'વિકાસ સપ્તાહ- ૨૦૨૫' નો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે, વિકાસ સપ્તાહ દરમિયાન વિકાસરથ યોજનાઓને જન જન સુધી પહોંચાડવાનું સશક્ત માધ્યમ બની રહ્યું છે.

જ્યારે મહેસાણા ખાતે સાંસદ હરિભાઇ પટેલ તથા જિલ્લા કલેક્ટરે વિકાસ રથને લીલી ઝંડી આપી.

તાપી અને સુરેન્દ્રનગરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા" લેવાઈ.

બનાસકાંઠાના પાલનપુરમાં જિલ્લા કલેકટર મિહિર પટેલે વિકાસ રથનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

તો બીજી તરફ ભાવનગર જિલ્લામાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિકાસ રથ થકી 62 જેટલાં ગામોને આવરી લેવાશે અને સરકારની વિવિધ યોજનાઓ અંગે જનજાગૃતિ ફેલાવાશે.

-------------

## CM DIWALI GIFT

રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં જુલાઈ-2025થી કેન્દ્રના ધોરણે વધારો અપાશે. કર્મચારીઓને દિવાળીની ભેટ સ્વરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકા અને છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરાયો છે. આ ઉપરાંત મોંઘવારી ભથ્થામાં વધારાની 3 માસની તફાવત રકમ-એરિયર્સ એક જ હપ્તામાં ચૂકવાશે. રાજ્ય સેવા અને પંચાયત સેવા તથા અન્ય એમ કુલ 4 લાખ 69 હજાર કર્મચારીઓ અને 4 લાખ 85 હજાર પેન્શનર્સને આ નિર્ણયનો લાભ મળશે.

-------------

## RUSHIKESH SYRUP

રાજ્ય સરકારે ધોરણ વગરની એટલે કે, નોટ ઑફ સ્ટાન્ડર્ડ જાહેર થયેલી કફ સિરપ દવાઓનું ઉત્પાદન કરતી રાજ્યની પેઢીઓ સામે કડક

પગલા લીધા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, સુરેન્દ્રનગરની મૅસર્સ શૅપ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ અને અમદાવાદની મૅસર્સ રેડનૅક્સ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા કેન્દ્રીય ઔષધ ધારાધોરણ નિયંત્રણ સંસ્થા – C.D.S.C.O. દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિના આધારે બંને પેઢીને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો છે.

(બાઇટ : ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## CABINET DECISIONS

આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ 24 હજાર 634 કરોડ રૂપિયાની ચાર રેલવે પરિયોજનાને મંજૂરી આપી છે. તેમાં વડોદરા–રતલામની ત્રીજી રેલવેલાઈનનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ આ અંગે માહિતી આપતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, એક હજાર 619 કિલોમીટર લંબાઈવાળી આ ચાર પરિયોજનાથી અંદાજે ત્રણ હજાર 633 ગામને લાભ થશે.

(BYTE: ASHWINI VAISHNAW)

શ્રી વૈષ્ણવે કહ્યું, 744 કિલોમીટર લાંબી ભુસાવલ-વર્ધા રેલવે લાઈનનું નિર્માણ અંદાજે નવ હજાર 197 કરોડ રૂપિયાના ખર્ચે તથા 98 કિલોમીટર લાંબી ગોન્દિયા–ડોન્ગરગઢ ચોથી લાઈન બે હજાર 223 કરોડ રૂપિયાના ખર્ચે પાંચ વર્ષમાં પૂર્ણ કરાશે.

-------------

# CENTRE NDRF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરની સમિતિએ ગુજરાત અને આસામ માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી 707 કરોડ રૂપિયાની વધારાની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન માટે 903 કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે. તેનો ઉપયોગ અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને તેને આધુનિક બનાવવા કરાશે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પ્રાકૃતિક આપત્તિઓ દરમિયાન રાજ્ય સરકારોને શક્ય તમામ મદદ પૂરી પાડી રહી છે.

-------------

# CABINET TALUKA

સુરત, મહીસાગર અને ખેડા જિલ્લાના નવરચિત તાલુકાનાં ગામોમાં ફેરફાર કરાયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડલની બેઠકમાં નાગરિકોની લાગણીઓ અને વહીવટી સરળતા માટે સુરતના 8, મહીસાગરના 20 અને ખેડા જિલ્લાના 11 જેટલા ગામોમાં ફેરફારને મંજૂરી આપવામાં આવી.

વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, ખેડાના ફાગવેલ તાલુકાનું મુખ્ય મથક કાપડીવાવના બદલે ફાગવેલ રહેશે. મોટા ક્ષેત્રફળ ધરાવતા તાલુકાઓમાં ભૌગોલિક અંતરના કારણે નાગરિકોના સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે ત્યારે ખેડા, સુરત અને મહીસાગર જિલ્લામાં ફાગવેલ, અરેઠ, ગોધર અને કોઠંબા તાલુકાના ગામોના ફેરફાર કરાયો છે. તે અંગે સંબંધિત જિલ્લા કલેક્ટર જાહેરનામું બહાર પાડશે.

-------------

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ચાર મહિલાના મોત થયા છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે ઝેઝરી  અને ખેરવા ગામ મંદિરે દર્શન કરી પરત ફરતા પરિવારની કાર અને ટ્રક વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો જેમાં ચાર મહિલાના ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયા છે જ્યારે એક પુરુષને ઇજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. ઘટનાની જાણ થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

-------------

# Khijdia Bird Sanctuary

જામનગર નજીક આવેલુ ખીજડીયા પક્ષી અભ્યારણ આજથી પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આજે મોટી સંખ્યામાં પક્ષી પ્રેમીઓ પક્ષીઓને નિહાળવા તેમજ તેમની ફોટોગ્રાફી કરવા ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ પક્ષી અભયારણ્યમાં મીઠા પાણી અને ખારા પાણી બંને પ્રકારના પક્ષીઓ જોવા મળે છે ખાસ કરીને શિયાળાની ઋતુમાં દેશ-વિદેશના અનેક યાયવર પક્ષીઓ અહીં આવી અને વસવાટ કરે છે વધુ માહિતી ખીજડીયા પક્ષી અભયારણયના rfo દક્ષાબેન વઘાસિયા પાસેથી જાણીએ.....

(બાઈટ : દક્ષાબેન વઘાસિયા (આરએફઓ ખીજડીયા બર્ડ સેન્ચ્યુરી)

-------------

# WEATHER – RAIN

રાજ્યમાં આગામી 13 ઓક્ટોબર સુધી છૂટાછવાયા સ્થળે હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગના વડા ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર, આગામી 48 કલાક દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી 3 દિવસ બાદ વરસાદની તીવ્રતા ઘટશે. અત્યારે દરિયાકાંઠે શક્તિ વાવાઝોડું ધીમું થઈને ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે. હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વરસાદની શકયતા રહેશે.

આગામી 3 થી 4 દિવસમાં ચોમાસુ રાજ્યના અન્ય જિલ્લામાંથી વિદાય લઈ શકે તેવી શક્યતા છે. આજે અમદાવાદમાં હળવા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

(બાઇટ એ કે દાસ)

-------------

# BHAVNAGAR PARA TABLE TENNIS

ભાવનગરના આંતરરાષ્ટ્રીય પેરા ટેબલ ટેનિસ ખેલાડી અલ્પેશ સુતરીયા એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ 2025માં ભારતનું

પ્રતિનિધિત્વ કરશે. તેઓ 14 થી 19 ઑક્ટોબર દરમિયાન ચીનમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. મૂળ બોટાદ જિલ્લાના ઝમરાળા ગામના વતની અને હાલમાં ભાવનગર શહેરમાં ટપાલ વિભાગમાં સહાયક તરીકે ફરજ બજાવી રહ્યા છે. અગાઉ તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે રજત અને કાંસ્ય ચંદ્રક મેળવી ચૂક્યા છે. આ ઉપરાંત અનેક વખત રાષ્ટ્રીય સ્તરે ચંદ્રકો જીત્યા છે.

-------------

# SRN- NEW POLICE STATION

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના આણંદપુર ગામે નવા પોલીસ સ્ટેશન ને મંજૂરી મળી છે. જેથી આ વિસ્તારના હજારો લોકોને પોલીસ સ્ટેશનની કામગીરી માટે લાંબુ અંતર નહીં કાપવું પડે.

જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા અને ચોટીલા ધારાસભ્ય શામજી ચૌહાણે રાજયસરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આણંદપુર ખાતે પોલીસ સ્ટેશન ફાળવવાથી આસપાસના ગામડાના લોકોને ઘણી સરળતા રહેશે.

-------------